ફોજદારી કેસ નંબર– ૧૦૮૭૭/૨૦૧૦

**આંક–૧ નીચે હુકમ.**

આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીંગ રાખેલ છે.

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો કેસ જૂનો છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હો જોઈએ તો તે પ્રોહી૬૬–૧બી,૬૫,ઈ મુજબનો છે.પરંતુ ગુનાના કામે આકારેલ મુદ્દામાલની રકમ તથા રેકર્ડ જોતાં સદર ગુન્હો સી.આર.પી.સી.ક.૨૬૦(૧)(ii) મુજબ સમરી ટ્રયેબલ ગુન્હો છે અને જેથી આરોપીની સામે તેની ટ્રાયલ સમરી ટ્રાયેબલ કેસ મુજબ ચાલવા પાત્ર છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે. પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

**પી.રામચંદ્ર રાવ વિ.કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર.પાના નં.૧૫૪૯** ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે,'' The Criminal Courts should exercise their available powers such as those under Sections 309,311,258 of the code of Criminal Procedure,1973 to effectuate the right to speedy trial ". આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬ તા.૧૭–૧૦–૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. ની કલમ ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી,કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નીષ્ફળ નીવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડ લાઈનને ધ્યાને લેતા અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ ૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓના જાતમુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે.જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા બીન કીંમતી મુદ્દામાલ કે કીંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯–૦૩–૧૯
સ્થળ : અમદાવાદ.

( જે.એલ.પરમાર)
UIC GJ૦૧૪૪૧
૯મા એડી.જયુ.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર